# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Farmers land acquisition

પહેલી મે, 1960થી એટલે કે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારથી વિવિધ યોજનાઓમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને તેઓ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો હવે પ્રમાણપત્ર મેળવી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતમાં આ મુદ્દે થયેલી રજૂઆતને ધ્યાનમાં લઇને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે ખેડૂતો સંબંધિત કલેકટર સમક્ષ અરજી કરી શકશે.

મુખ્યમંત્રીએ વહીટવટીતંત્રને આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ખેડૂતો તરફથી અરજી મળ્યા પછી સંબંધિત કલેકટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે.

રાજ્યના જે ખેડૂતોની જમીન વિકાસ યોજનામાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે ખેડૂત પ્રમાણપત્ર ન મળતાં ખેડૂતો બિન ખેડૂત બની ગયા હતા. હવે સરકારનાં આ નિર્ણયના પરિણામે તેમને ખેતી કરવાનું પ્રોત્સાહન મળશે.

---------------------------------------------------------------------

- -માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# Kutch Drugs Bhatinda

કચ્છમાં એક કરોડ 47 લાખ રૂપિયાનાં કોકેઇનનો જથ્થો પકડાયો છે. આજે સવારે પંજાબના ભટીન્ડાથી માદક પદાર્થ વેચવા આવેલી બે મહિલા સહિત ચાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. અગાઉથી મળેલી બાતમીને આધારે પૂર્વ કચ્છ પોલીસે આ કાર્યવાહી હાથ ધરી હતી.

પૂર્વ કચ્છમાં એક સપ્તાહમાં કોકેઈન નો બીજો જથ્થો ઝડપાયો છે.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ભચાઉના લાકડીયા પાસે કોકેઈન ડ્રગ્સ સાથે ચાર લોકોને પોલીસે ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા આરોપીમાં બે મહિલાઓ અને બે પુરુષોનો સમાવેશ થાય છે. મહિલાઓની પૂછપરછ દરમિયાન પંજાબ કનેક્શન સામે આવ્યું હતું.

---

- પીટીસી કચ્છ હેમાંગ પટણી ભટીન્ડા

- ANIL PATEL -(NAVIN)

# Giriraj Sinh Surat visit

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરીરાજ સિંહે આજે સુરતમાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં કોઈ મતભેદ નથી. તેમણે જણાવ્યું કે, આજે રાત સુધીમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રીનું નામ નક્કી થઈ થશે

સુરતની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી ગિરીરાજ સિંહ આજે સાંજે સુરતમાં ભારત ટેક્સ 2025નાં પ્રચાર માટે રોડ શો યોજશે.

તેમણે ગઈકાલે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે પીએમ મિત્ર પાર્ક અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક યોજી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી સુરત અપર્ણા ખુંટ અનિલ -(NAVIN)

# Income tax search Radhe Group

આવકવેરા વિભાગે આજે મહેસાણા,રાજકોટ અને મોરબીમાં મોટા પાયે શોધ અભિયાન હાથ ધર્યું છે. મહેસાણાના રાધે ગ્રુપ અને તેનાં ભાગીદારો પર આઇટી વિભાગે દરોડો પાડી તપાસ હાથ ધરી છે. આવકવેરા વિભાગની બે ડઝનથી વધુ સભ્યોની ટૂકડીએ પોલિસને સાથે રાખીને મહેસાણામાં રાધે ગ્રુપના સ્થળો અને તેના ભાગીદારોના અમદાવાદ અને મોરબીમાં આવેલાં સ્થળો પર શોધ અભિયાન હાથ ધર્યું છે. તપાસમાં મોટા પ્રમાણમાં બેનામી વ્યવહાર બહાર આવવાની શક્યતા છે.

રાજકોટ જિલ્લાનાં એક રાજકારણીના જમાઈને ત્યાં પણ દરોડો પાડવામાં આવ્યો છે. મોરબીના બે સિરામિક ઉદ્યોગકારોનું પણ રાધે ગ્રુપ સાથે કનેકશન હોવાથી ત્યાં પણ તપાસ ચાલી રહી છે. આવકવેરા વિભાગે અમદાવાદમાં પણ કાર્યવાહી કરી છે.

રાધે જૂથ પેપરમીલ અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલું હોવાનું જાણવા મળ્યું છે

---------------------------------------------------------------------

- હિં.સ. અનિલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SANATHAL CHAR RASTA FIRE

અમદાવાદ રાજકોટ હાઇવે પર સનાથલ ચાર રસ્તા પાસે આજે વહેલી સવારે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી.

પેપર પસ્તી સહિતનો ભંગાર હોવાના કારણે આગ વધારે ફેલાઈ હતી. અગ્નિશમન દળની ટૂકડીએ 12 વાહનોની મદદથી બે કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આગના કારણે ભંગારમાં રહેલો મોટા ભાગનો સામાન બળી ગયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણવા મળ્યું નથી અને જાનહાનિનાં કોઈ અહેવાલ નથી.

------------------------------------------------------------------------

- --હિં.સ. અનિલ

-(NAVIN)

# THAKKAR BAPA

**ગુજરાત વિધાનસભા ખાતે ઠક્કરબાપા"ની ૧૫૫મી જન્મજયંતી નિમિત્તે તેમના** તૈલચિત્રને અધિકારી-કર્મચારીઓએ આજે પુષ્પાંજલિ આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. ભાવનગરમાં જન્મેલા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર એટલે કે ઠક્કર બાપા ગાંધીજીના પ્રિયજન તથા હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધારક હતા, તેમણે વર્ષ ૧૯૧૯ અને ૧૯૨૨માં ગુજરાત અને પંચમહાલના દુષ્કાળ વખતે આદિવાસીઓ માટે રાહત કામગીરીમાં ખૂબ ઉમદા કાર્ય કર્યું હતું

---

- ચૈતાલી જોશી ..મા ખાતું

-(NAVIN)

# CHOOTA UDAIPUR CHILD MARRIAGE CAMPAIGN

છોટાઉદેપુર જીલ્લામાં બાળ લગ્ન અટકાવવા કપડવંજની દ્રષ્ટિ-ડોન બોસ્કો શાળાએ ઝૂંબેશ ચલાવી છે. છ ગામમાં યોજવામાં આવેલી રેલીમાં મહિલાઓ, પુરુષો, યુવાનો, સરકારી અધિકારીઓ સહીત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને બાળ લગ્ન વિરુદ્ધ પ્રતિજ્ઞા લીધી હતી.

લગ્ન કરાવનારા પંડિતો, ધાર્મિક આગેવાનો અને હિતધારકોએ આ અભિયાનનું સમર્થન કર્યું હતું. આ સંસ્થા બાળ અધિકારનાં રક્ષણ માટે કામ કરતી ૨૫૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓનાં રાષ્ટ્રવ્યાપી નેટવર્ક 'જસ્ટ રાઈટ ફોર ચિલ્ડ્રન' સાથે જોડાયેલી છે.

આ અભિયાન આગામી પાંચ દિવસ સુધી પણ ચાલશે જેમાં જીલ્લાના કુલ ૫૦ ગામો અને ૨૫૦૦ લોકોને સામેલ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કેન્દ્રીય મહિલા એન બાળ વિકાસ મંત્રી અન્નપુર્ણા દેવીએ 'બાળ વિવાહ મુક્ત ભારત' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

---

- પીટીસી છોટા ઉદેપુર અનિલ -(NAVIN)

# Women's Scheme

બનાસકાંઠા જિલ્લામાં મહિલા આર્થિક વિકાસ નિગમ અંતર્ગત મહિલા સ્વાવલંબન યોજના યોજના હેઠળ ૨ લાખ રૂપિયા  સુધીની લોન સાથે સબસિડી મળશે. અમારાં બનાસકાંઠા ના પ્રતિનિધિ જણાવે છે કે મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે જુદી-જુદી ૩૦૭ વ્યવસાયની કેટેગરી મુજબ ૧૮ થી ૬૫ વર્ષ સુધી વયની કોઈ પણ મહિલાને આ સહાય મળશે. આ યોજનાનો લાભ લેવા જરૂરી દસ્તાવેજ સાથે અરજી ફોર્મ મહિલા અને બાળ અધિકારીની કચેરી, પાલનપુર ખાતે જમા કરાવી શકાશે.

---------------------------------------------------------------------

- ચૈતાલી જોશી ptc બનાસકાંઠા.

-(NAVIN)